**DATE: 20/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસ સ્ટેશન લવાયાં બાદ તેમને સમજાવીને પરિવારને સુપરત કરવામાં આવી

# અંકલેશ્વરમાંથી લગ્નની લાલચે ભાગેલી બે સગીરા દાહોદ અને વિરારથી મળી આવી

ભાસ્કર ન્યૂઝ । અંકલેશ્વર

અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે નવા બોરભાઠા અને નવા દીવા ગામ ખાતે લગ્ન ની લાલચે 2 સગીરાને ભગાડી જનાર કિશોરને ઝડપી પાડ્યો હતો. પોલીસે દાહોદ અને મુંબઈ વિરારથી સગીરાઓ ને શોધી કાઢી પરત લઈ આવી કાઉન્સિંલિગ કરી પરિવારને સુપરત કરી હતી.

અંકલેશ્વરના ડીવાયએસપી ચિરાગ દેસાઈના માર્ગદર્શન હેઠળ પી.આઈ. આર.એચ. વાળા તથા તેમની ટીમે લગ્નની લાલચે ઘરથી ભાગી ગયેલી બે સગીરાને શોધી કાઢી છે. નવા દીવા અને નવા બોરભાઠા બેટ ખાતે થી 17 અને 15 વર્ષ ની સગીરા ને લગ્નની લાલચે ઈસમો ભગાડી ગયા હતા જે બાબતે નોંધાયેલ ફરિયાદ આધારે પોલીસે અલગ અલગ ટીમ બનાવી હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેક્નિક સર્વેલન્સ શરુ કરી તપાસ શરુ કરતા પોલીસે કાયદા ના ઘર્ષણ માં આવેલ કિશોર તેમજ 2 સગીરા ને દાહોદ અને વિરાર ખાતે થી શોધી કાઢ્યા હતા અને પરત અંકલેશ્વર ખાતે લઈ આવી હતી અને મહિલા પોલીસ દ્વારા કાઉન્સિલગ કરી બને સગીરા ને સમજાવ્યા બાદ તેના માતા- પિતા ને સુપ્રત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આદિવાસી અને શ્રમિક સમાજમાં સગીરાઓને લગ્નની લાલચે ભગાડી જવાના બનાવો વધારે બનતાં હોય છે. લગ્નની લાલચે સગીરાઓ ઘરેથી ભાગી જતી હોય છે ત્યારે આ વર્ગના લોકોમાં લગ્ન બાબતે જાગૃતિ આવે તે માટે તંત્રએ આગળ આવવું જોઈએ.

**DATE: 20/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

### રૂા.૬૫૦૦૦નાં મુદ્દામાલ સાથે બેની અટકાયત

# ચેઈન સ્નેચિંગના ગુના અંગે બે ઈસમોને ઝડપી પાડતી પોલીસ

## ઝાડેશ્વર ચોકડી પાસેથી આરોપીઓને પોલીસે દબોચી લીધા

। ભરૂચ ।

ભરૂચ પંથકમાં અને આજુબાજુના વિસ્તારોમાં ચેઈન સ્નેચીંગના ગુના વધી જતાં જુદી જુદી ટીમો ગુનેગારોને ઝડપી પાડવા બનાવવામાં આવી હતી.

બાતમીદારો તરફથી બાતમી મળી હતી કે, ભરૂચ સીટી સી. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં બનેલ ચેઈન સ્નેચીંગ અને તેથી ચીલઝડપના ગુનામાં સંડોવાયેલા આરોપીઓ હીરોહોન્ડા સ્પેલેન્ડર લઈ ફરી રહ્યા છે. આવી બાતમીના આધારે સી.ડીવીઝન પોલીસના સ્ટાફે તપાસ કરતા બાતમી મુજબની બાઈક ઝાડેશ્વર ચોકડીથી જયોતિનગર પાસે પ્રસાદ સોસાયટી તરફ જવાના રસ્તા પર બાઈકને અટકાવી બાઈક પર સવાર બે વ્યકિતઓની પુછપરછ કરતા તેઓએ ગુનાની કબુલાત કરી હતી અને તપાસ દરમ્યાન આરોપીઓ અક્ષય ઉર્ફે અક્કુ મહેશ પાટણવાડીયા, રહે. મકતમપુર ભરૂચ અને ઉબેદખાન ઉર્ફે પઠાન જુમ્માખાન પઠાન, રહે.બહારની ઉડાઈ, ભરૂચ પાસેથી સોનાની તુટેલી ચેઈન કિંમત આશરે રૂા.૪૦૦૦૦, મોબાઈલ નંગ ૧ કિંમત આશરે રૂા.૫૦૦૦, હિરોહોન્ડા બાઈક કિંમત આશરે રૂા.૨૦૦૦૦ મળી કુલ ૬૫૦૦૦ જેટલો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ બનાવ અંગે સી.ડીવીઝન પોલીસે જહેમત ઉઠાવી હતી.

**DATE: 20/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

### પોલીસે મુદ્દામાલ સાથે ૩ આરોપીની અટક કરી

# હલદર ગામમાંથી અલગ અલગ મકાનમાં સંતાડેલો દારૂ ઝડપાયો

## પોલીસે ત્રણ આરોપીઓને વૉન્ટેડ જાહેર કર્યા

| ભરૂચ |

ભરૂચ તાલુકાના હલદર ગામે નવીનગરીના અલગ અલગ મકાનોમાં સંતાડી રાખેલ વિદેશી દારૂનો જથ્થો એલસીબી પોલીસે ઝડપી પાડયો હતો.

એલસીબીના પીએસઆઈ પી.એમ.વાળાને બાતમી મળી હતી કે, હલદર ગામે રહેતા વિરેન્દ્ર ઉર્ફે વિરૂ વસાવા અને તેનો ભાઈ સંજય વસાવા બંન્ને ભેગા મળી તેઓના માણસ આશિષ ઉર્ફે મોન્ટુ મારફત અલગ અલગ મકાનોમાં વિદેશી દારૂ સંતાડી રાખી ચોરી છુપીથી વેચાણ કરી રહ્યા છે આવી ચોક્કસ બાતમીના આધારે હલદર ગામે નવીનગરીમાં રેડ કરવામાં આવી હતી. તેથી નવી નગરીમાં અલગ અલગ મકાનોમાં સંતાડી રાખેલ ભારતીય બનાવટના વિદેશી દારૂના બોક્ષ નંગ ૧૨ જેમાં કુલ નાની મોટી બોટલ અને પાઉચ નંગ ૨૫૨ કિંમત રૂા.૬૬૩૬૦ નો જથ્થો મળી આવ્યો હતો. તે સાથે ત્રણ આરોપીઓને ઝડપી પાડી રોકડા રૂપિયા, મોબાઈલ નંગ ૨ મળી કુલ મુદ્દામાલ રૂા.૧,૨૭,૬૬૦ જપ્ત કરવામાં આવ્યો હતો. આ બનાવમાં ત્રણ આરોપી આશિષ વસાવા, અમિત વસાવા અને સુનિલ વસાવાની અટક કરવામાં આવી હતી. જયારે વિરેન્દ્ર ઉર્ફે વીરૂ સુરેશ વસાવા, સંજય સુરેશ વસાવા, સંદિપ બાબુ વસાવા ત્રણેય રહેવાસી હલદરને વોન્ટેડ આરોપી તરીકે જાહેર કર્યા છે.

**DATE: 20/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરમાંથી ચાર જુગારી ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમીરા નગર ખાતે બાવળનીઝાડીમાંમોટાપ •ાયે જુગાર રમાઈ રહ્યો હોવાની ચોક્કસ માહિતી આધારે પોલીસે દરોડો પાડયો હતો. જેમાં જુગાર રમતા મહેબૂબ ખાન , ગુડ્ડુ યોગેન્દ્રપ્રસાદ, મોન્ટુ સિધેશ્વર પાસવાન, સને વિકાસ પવન ઝા ને રંગે હાથ ઝડપી પાડયા હતા પોલીસે અંગઝડતી માંથી 8,320 રોકડ અને દાવ પર લાગેલા 9,400 રૂપિયા મળી કુલ 17,820 રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 21/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસે જુગારીયાને જેલભેગા કર્યા

# અંકલેશ્વરની બાલાની ચાલ પાસે જુગાર રમતા 5 જુગારી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે નો બારિયા સ્કૂલ પાસે બાલાની ચાલમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા પાંચ જુગારીઓને ઝડપી પાડ્યા હતા. જુગારીઓ પાસેથી રોકડ રૂપિયા 19 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરુદ્ધ જુગાર ધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ આરંભી હતી.

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથક સ્ટાફ નાઈટ પેટ્રોલિંગ માં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે નોબરિયા સ્કૂલ પાસે બાલાની ચાલમાં ખુલ્લી જગ્યામાં જુગારધામ ચાલી રહ્યું છે.જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડયા હતા પોલીસે સ્થળ પરથી રોકડા અને એક ફોન મળી કુલ 19 હજારથી વધુના મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને નવી નગરીમાં રહેતો જુગારી ઈમરાન ઉર્ફે મરઘી દિલાવર દીવાન,કલ્પેશ મોરે,આસિફ અબ્દુલ હમીદ પઠાણ અને સિકંદર ઈબ્રાહીમ કોયા તેમજ જાવેદ રફીક બેગને ઝડપી પાડયો હતો.

**DATE: 21/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

### આરોપી મુંબઈ જતો હતો ત્યારે પોલીસે ઝડપી પાડ્યો

# વિવિધ ગુનામાં સંડોવાયેલો રીઢો ગુનેગાર ટોલનાકા પરથી ઝડપાયો

## નવસારી પોલીસ તેમજ નબીપુર પોલીસનું સંયુક્ત ઓપરેશન

| ભરૂચ |

ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા હાલના દિવસોમાં વિવિધ ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓને ઝડપી પાડવા અંગેની ઝૂંબેશ ચાલી રહી છે ત્યારે નબીપુર પોલીસના પીએસઆઈ કે.એમ.ચૌધરીએ એક રીઢા ગુનેગારને તે મુંબઈ તરફ જઈ રહ્યો હતો ત્યારે તેને ઝડપી પાડયો હતો.

આ બનાવ અંગેની વિગત જોતા નબીપુર પોલીસના પીએસઆઈ કે.એમ.ચૌધરીએ જુદી જુદી ટીમો બનાવી નાસતા ફરતા આરોપીઓને શોધવા અંગે પ્રયાસ કર્યા હતા તેવામાં બાતમી મળી હતી કે, એક રીઢો ગુનેગાર ફરીદ ઉર્ફે હાફેજી યુસુફ પટેલ નાસતો ફરતો હતો તે ગાડીમાં બેસી મુંબઈ તરફ જઈ રહેલ છે. તેવી બાતમી મળતા બાતમી આધારે ભરૂચ ટોલટેક્ષ તથા નર્મદા બ્રિજ પર વોચ ગોઠવવામાં આવી હતી. દરમ્યાન નવસારી એસઓજી શાખામાં ફરજ બજાવતા પીએસઆઈ એ.આર.સુર્યવંશીને ટેલીફોનથી સંપર્ક કરી આ અંગેની માહિતી આપતા તેઓ પણ તેમની ટીમ સાથે નેશનલ હાઈવે નંબર ૪૮ બોરીયાસ ટોલનાકા પર વોચ ગોઠવી હતી અને નબીપુર પોલીસ સાથે તેઓ સતત સંપર્કમાં હતા તેથી આરોપી બોરીયાચ ટોલનાકા ઉપર પહોંચતા નવસારી પોલીસ તેમજ નબીપુર પોલીસ બંન્નેએ ટીમવર્કથી આરોપી ફરીદ ઉર્ફે હાફેજી યુસુફ પટેલ રહે.બંબુસર ગામ, તાલુકો ભરૂચને ઝડપી પાડવામાં આવ્યો હતો.

**DATE: 21/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-02**

ભરૂચ જિલ્લાના બંબુસર ગામે


# રિક્ષા ચાલક પર હુમલો કરાવનાર વોન્ટેડ આરોપી નવસારીથી ઝડપાયો

ભરૂચ,તા.૨૦

ભરૂચ જિલ્લાના બંબુસર ગામે રીક્ષા ચાલક પર જીવલેણ હુમલો કરાવનારને નબીપુર પોલીસે બાતમીના આધારે નવસારીથી ઝડપી પાડી નબીપુર પોલીસ મથકે લાવી કોર્ટમાં રજૂ કરવાની કવાયત કરી છે.

## હુમલો કરવા સોપારી આપી હોવાની હુમલાખોરોની કબૂલાતના આધારે પોલીસ કાર્યવાહી

નબીપુર પોલીસ મથકમાં રીક્ષા ચાલક ઉપર જીવલેણ હુમલો કરવાનો ગુનો દાખલ થયો હતો. જે પ્રકરણમાં હુમલાખોરોને નબીપુર પોલીસે ઝડપી પાડ્યા હતાં. ઝડપાયેલા હુમલાખોરોને આરોપી ફરીદ ઉર્ફે હાફેજી યુસુફ પટેલ (સરનારવાલા)એ હુમલો કરવા માટે ઉશ્કેરણી કરી સોપારી આપી હોવાની કબુલાતના પગલે પોલીસે વોન્ટેડ આરોપી ફરીદ પટેલને ઝડપી પાડવાના પ્રયાસ કર્યા હતા તપાસ દરમિયાન નબીપુર પોલીસને બાતમી મળી હતી કે ગુનાના કામનો આરોપી ફરીદ પટેલ પોતાની એક સફેદ કલરની ગાડીમાં મુંબઈ તરફ જઈ રહ્યો છે. જેના આધારે પોલીસે ભરૂચના નર્મદા મૈયા બ્રિજ પાસેથી તેનો પીછો કરી નેશનલ હાઈવે ૪૮ બોરીયાચ ટોલનાકા પાસે વોચમાં હાજર હતાં. તે દરમિયાન એક કાર આવતા તેને રોકી તલાસી લેતા તેની પૂછપરછ કરવા સાથે વોન્ટેડ આરોપી હોવાની માહિતી સપાટી ઉપર આવતા પોલીસે આરોપીની ધરપકડ કરી તેની પાસેથી ૨ મોબાઈલ ૭૦૦૦ રોકડા સહિત મુદ્દા માલ જપ્ત કરાયા હતાં.



### અંકલેશ્વર નેશનલ હાઈવે ૪૮ની હોટલ પાસે પોલીસનો દરોડો

# હોટલના કંમ્પાઉન્ડમાંથી વિદેશી દારૂ તેમજ બિયર ભરેલો ટેમ્પો ઝડપાયો

### રૂા ૮ લાખના દારૂ સહિતના મુદ્દામાલ સાથે ટેમ્પો ચાલકની ધરપકડ

। અંકલેશ્વર ।

ભરૂચ જિલ્લામાં નશાનો વેપલો ધમધમાવતા તત્વો સામે પોલીસ વિભાગે દરોડા પાડી તેઓના નાપાક માનસુબાને નાકામ કરવાની સફળ કામગીરી હાથ ધરી છે તેવામાં અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકના કર્મીઓને સફળતા હાંસિલ થઈ હતી.

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકના કર્મીઓ પેટ્રોલિંગમાં હતા દરમ્યાન મળેલ બાતમીના આધારે નેશનલ હાઈવે ૪૮ ઉપર આવેલ સહયોગ હોટલના કંપાઉન્ડના પાર્કિંગમાં ઉભેલ એક મહારાષ્ટ્ર પાર્સિંગના આઈસર ટેમ્પોની તલાસી લીધી હતી તે દરમ્યાન તેમાંથી રૂા. ૮ લાખનો બિયર તેમજ દારૂનો મોટો જથ્થો ઝડપાઈ આવ્યો હતો. પ્રાથમિક જાણકારી મુજબ આ દારૂનો જથ્થો કોઈક ખાનગી કંપનીના પાઉડરમાં જથ્થા વચ્ચે સંતાડી લઈ જવામાં આવી રહ્યો હતો પરંતુ બુટલેગરોનો આ નાપાક નશાનો કીમિયો કામ ન લાગ્યો આને આખરે અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે રૂા ૮ લાખના દારૂ સહિત મુદ્દામાલ સાથે આઈસર ટેમ્પો ચાલકની ધરપકડ કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા બુટલેગરોમાં વધુ એકવાર ફફડાટનો માહોલ છવાયો છે.



સહયોગ હોટલના કંપાઉન્ડના પાર્કિંગમાં થી રૂા. ૮ લાખનો દારૂ ઝડપાયો હતો.

**DATE: 22/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ટેમ્પો ડ્રાઇવરની ધરપકડ જ્યારે 2 અન્યને વોન્ટેડ જાહેર કરાયાં

# ભીલાડથી ગુજરાતમાં ઘૂસાડાતો 8.28 લાખનો દારૂ અંકલેશ્વર નજીકથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર પાસેના નેશનલ હાઈવે ઉપરથી ભીલાડથી આયશર ટેમ્પામાં વેસ્ટ પાવડરના ડ્રમની આડમાં ગુજરાતમાં દારૂ ઘુસાડનાર ટેમ્પા ચાલકની ધરપકડ કરવામાં આવી છે. 8.28 લાખના દારૂ અને ટેમ્પા સહિત 18.28 લાખનો મુદ્દામાલ જપ્ત કરી દારૂનો જથ્થો મોકલનાર તથા મંગાવનારની તપાસ હાથ ધરવામાં આવી છે.

બી ડિવિઝન પોલીસને એક



આઈસર ટેમ્પો સુરત તરફથી નેશનલ હાઈવે પરથી અમદાવાદ તરફ જઈ રહ્યો છે અને તેમાં દારૂનો જથ્થો ભરેલ હોવાની માહિતી મળી હતી.જેના આધારે પોલીસે સહયોગ હોટલ પાસે વોચ ગોઠવી હતી અને ટેમ્પાને રોકયો હતો. ટેમ્પામાં કેમિકલ વેસ્ટના ડ્રમની વચ્ચે સંતાડવામાં આવેલી દારૂની પેટીઓ મળી આવી હતી. મહારાષ્ટ્ર ના ટેમ્પો ચાલક પ્રદીપ ચંપત રાવ સોનાને ની ધરપકડ કરાઈ હતી. ટેમ્પામાંથી 8.28 લાખની દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ટેમ્પામાં દારૂનો વિપુલ જથ્થો મંગાવનારા શ્રીરામ તેમજ મોકલનાર નિમેશ પટેલની સાથે દારૂના વહન માટે ટેમ્પો મોકલનારા વિશાલ સાકરે અને ટેમ્પાના માલિકને વોન્ટેડ જાહેર કરાયાં છે.

**DATE: 22/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### એલસીબીની ટીમે રામદેવનગરમાં દરોડો પાડ્યો

# અંકલેશ્વરનો બૂટલેગર દારૂની 281 બોટલ સાથે ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર રામદેવનગર નવી વસાહતમાં બુટલેગર હરેશ વસાવાને એલસીબીએ દારૂની 281 બોટલ સાથે ઝડપી પાડયો છે. એલસીબી પોલીસની ટીમ અંકલેશ્વર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે પાંજરાપોળ ખાતે રહેતો હરેશ પ્રરભુ વસાવા રામદેવ નગર નવી વસાહત સ્થિત મકાન માં દારૂ નોવિપુલ જથ્થો સંતાડી રાખ્યો છે. જે માહિતી આધારે દરોડો પાડી મકાનની તલાશી લેવામાં આવી હતી જેમાં દારૂની 281 બોટલ મળી આવી હતી. પોલીસે કુલ 37 હજારનો દારૂ જપ્ત કર્યો છે. આરોપીએ દારૂનો જથ્થો નવાગામના સતીશ ઉર્ફે સતલો ગાંડો પાસે થ લાવ્યો હોવાની કબુલાત કરતા એલસીબી પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો છે. એલસીબીએ બુટલેગરના ઘરે દરોડો પાડતાં સ્થાનિક પોલીસ ઉઘતી ઝડપાઇ હતી અને આગામી દિવસોમાં શિક્ષાત્મક પગલાનો પણ ભય તોળાઈ રહયો છે.